# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશનું અવકાશ ક્ષેત્ર વૈશ્વિક પ્રતિભા, કંપનીઓ અને રોકાણનું કેન્દ્ર બની શકે છે.

2) પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 189 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. - બાંગ્લાદેશના શરણાર્થીઓને છ મહિનામાં નાગરિકત્વ આપવા શ્રી શાહનો વાયદો.

3) સ્થાનિક માગને પહોંચી વળવા દેશમાં ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની સરકારની ખાતરી.

4) સરકારે પુનરોચ્ચાર કર્યો કે ભારતીય ખલાસીઓની સલામતી અને સુખાકારી ટોચની પ્રાથમિકતા.

5) બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં, ભારતની ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની મહિલા ડબલ્સની જોડીનો સેમિફાઇનલમાં પ્રવેશ.

*****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-CEO MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વીસ અવકાશ સ્ટાર્ટઅપ્સના સીઈઓ અને સ્થાપકો સાથે વાતચીત કરી. તેમણે તેમને લોકોના જીવનને સુધારવા માટે અવકાશ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે ભાર મૂક્યો કે દેશનું અવકાશ ક્ષેત્ર વૈશ્વિક પ્રતિભા, કંપનીઓ અને રોકાણનું કેન્દ્ર બની શકે છે

બેઠક દરમિયાન, અધિકારીઓએ સરકારના નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું કે તેનાથી અસંખ્ય તકો ઉભી થઈ છે. તેમણે ખાનગી અવકાશ ઉદ્યોગમાં ઝડપી પ્રગતિની નોંધ લીધી અને તેમણે ઉદ્યોગ સાથે સરકારના મજબૂત સમર્થન અને સહયોગ પર પણ ભાર મૂક્યો

શ્રી મોદીએ એક સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે તેઓ યુવા ઉદ્યોગસાહસિકોને મળીને ખુશ છે જેમણે એક નવા અને પડકારજનક ક્ષેત્રમાં નોંધપાત્ર હિંમત બતાવી છે. શ્રી મોદીએ અવકાશ સ્ટાર્ટઅપ્સને ખાતરી આપી કે સરકાર ભવિષ્ય માટે ભારતની ક્ષમતાઓના નિર્માણમાં તેમની સાથે રહેશે

# EVE. AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં સશસ્ત્ર સીમા બળ (SSB) મુખ્યાલય ખાતે અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા . સૈનિકોને સંબોધતા શ્રી શાહે કહ્યું કે સુવેન્દુ અધિકારી મુખ્યમંત્રી બન્યા પછી સરહદ સુરક્ષા માટે સંપૂર્ણ સમર્થન આપવામાં આવી રહ્યું છે

## (બાઇટ - અમિત શાહ)

*(सरकार के गठन के 45 दिन के भीतर 1129 एकड़ भूमि बीएसएफ और एसएसबी के लिए सुभेंदु जी ने दे दिया। कुछ 29 एकड़ बाकी बचा है। मित्रों, ये तत्परता जो है, वो भारतीय जनता पार्टी के मुख्यमंत्री ना होने ही है। उनको मालूम है जब तक घुसपैठ नहीं रोकती, ना पश्चिम बंगाल सुरक्षित रह सकता है, ना भारत सुरक्षित रह सकता है।)*

શ્રી શાહે બાંગ્લાદેશના હિન્દુ, શીખ અને જૈન શરણાર્થીઓને છ મહિનામાં નાગરિકત્વ આપવાનો વાયદો કર્યો.

## (BYTE - AMIT SHAH CAA)

**(मैं बांग्लादेश से आए हुए हिंद्रू, सिख, जैन शरणार्थियों को वादा कर कर जाता हूं कि 6 माह में आप सभी को हम नागरिकता दे देंगे। भारत सरकार के गृह मंत्रालय ने अपने सारे अधिकार बंगाल सरकार के 8 कलेक्टरो को दे दिए हैं।)**

# GOVT - SUGAR PRICE

સરકારે ખાતરી આપી છે કે, સ્થાનિક માગને પહોંચી વળવા દેશમાં ખાંડનો જથ્થો પૂરતો ઉપલબ્ધ છે. ખાંડમાં તાજેતરના ભાવવધારાને ધ્યાનમાં રાખીને, સરકારે પૂરતી ખાંડની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને ગ્રાહકો માટે સ્થિર ભાવ જાળવવા શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું, તે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. તાજેતરના અઠવાડિયામાં ખાંડના ભાવમાં વધારો થયો છે, જે ગયા મહિનાની 20મી તારીખે પ્રતિ કિલોગ્રામ 48 રૂપિયાથી વધીને ગઈકાલે લગભગ 55 રૂપિયા પ્રતિ કિલો થયો છે.

# VAISHNAW- MPMS

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મોબાઇલ ફોન ઉત્પાદન યોજના - MPMS શરૂ કરી. કેન્દ્રીય મંત્રીમંડળે ગયા મહિને 62 હજાર 500 કરોડ રૂપિયાના બજેટ ખર્ચ સાથે આ યોજનાને મંજૂરી આપી હતી.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજના 1 એપ્રિલ, 2026 થી અમલમાં આવી છે. આ યોજનાનો સમયગાળો 2026-27 થી 2030-31 સુધી પાંચ વર્ષનો રહેશે. આ યોજનાનો ઉદ્દેશ્ય મોબાઇલ ઉત્પાદન પુરવઠા શૃંખલાને વધુ ગાઢ બનાવીને અને સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવીને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો છે. આ યોજના ભારતીય મોબાઇલ બ્રાન્ડ્સનું નિર્માણ પણ કરશે અને રોજગારીનું સર્જન કરશે

# MEA-BRIEFING

સરકારે પુનરોચ્ચાર કર્યો છે કે ભારતીય ખલાસીઓની સલામતી અને સુખાકારી તેમની ટોચની પ્રાથમિકતા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં  જણાવ્યું કે ભારત પશ્ચિમ એશિયામાં થઈ રહેલા વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

બે વિદેશી ધ્વજવાળા જહાજો સાથે બનેલી ઘટના અંગે, શ્રી જયસ્વાલે કહ્યું કે બોર્ડ પરના તમામ 22 ખલાસીઓ સુરક્ષિત છે અને સરકાર તેમની સલામતી અંગે સંબંધિત અધિકારીઓ સાથે સંપર્કમાં છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# MAHA-BRICS

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું, ભારત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડિજિટલ ઇન્ડિયાના વિઝન દ્વારા સંચાલિત, સ્થિતિસ્થાપક, વિશ્વસનીય, નવીન, સશક્તિકરણ અને સમાવિષ્ટ ડિજિટલ ભવિષ્યનું નિર્માણ કરવાનો લક્ષ્ય છે. મહારાષ્ટ્રના પુણેમાં 12મી બ્રિક્સ સંદેશાવ્યવહાર મંત્રીઓની બેઠકના સમાપન સત્રમાં બોલી રહ્યા હતા.

**(બાઈટ – જ્યોતિરાદિત્ય સિંધિયા)**

*(पिछले एक दशक में ब्रिक्स उभरती हुई अर्थव्यवस्थाओं के बीच सहयोग के एक प्रमुख मंच के रूप में उभरा है जो लगभग आधी मानवता और प्रतिभा तथा नवाचार के अपार भंडार का प्रतिनिधित्व करता है। अब हमारा ध्यान संस्थाओं के निर्माण से आगे बढ़कर सहयोगात्मक पहलुओं को लागू करने की ओर विकसित होना चाहिए। )*

# REV. INDIA-BRAZIL MOU

ભારત અને બ્રાઝિલે ટેલિકોમ્યુનિકેશન અને માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી (ICT) ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે જણાવ્યું હતું કે બ્રિક્સ ICT બેઠકની બાજુમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ટેલિકોમ્યુનિકેશન વિભાગે એક સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું કે આ કરાર ડિજિટલ નવીનતાને પ્રોત્સાહન આપશે, ડિજિટલ માળખાગત સુવિધાને મજબૂત બનાવશે અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારશે.

# BRICS- YOUTH AFFAIRS AND SPORT

ભારત આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં બ્રિક્સ યુવા મંત્રીઓની બેઠક અને બ્રિક્સ રમતગમત મંત્રીઓની બેઠકનું આયોજન કરશે. બ્રિક્સ યુવા મંત્રીઓની બેઠક આવતીકાલે યોજાશે, જ્યારે બ્રિક્સ રમતગમત મંત્રીઓની બેઠક 23 ઓગસ્ટના રોજ યોજાશે. આ બેઠકોની અધ્યક્ષતા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા કરશે.

# NADDA INFLUENZA MEET

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ આજે દેશમાં H1N1 ઇન્ફ્લુએન્ઝા માટે વર્તમાન સ્થિતિ અને તૈયારીઓની સમીક્ષા કરી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રી નડ્ડાએ રાષ્ટ્રીય દેખરેખ અને રોગચાળાની પરિસ્થિતિ, ILI અને SRI વલણો, પરીક્ષણ અને પ્રયોગશાળા દેખરેખ અને મોસમી ઈન્ફ્લુએન્ઝા કેસોના સંચાલન માટે આરોગ્ય સુવિધાઓની તૈયારીઓની સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન, શ્રી નડ્ડાએ સતત તકેદારી, દેખરેખ અને સક્રિય તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો

# GOVT- 29 FDI

સરકારે જણાવ્યું છે કે સુધારેલા માળખા હેઠળ વિદેશી સીધા રોકાણ (FDI) ના 29 કેસ નોંધાયા છે. આમાં 4,800 કરોડ રૂપિયા થી વધુના પ્રસ્તાવિત રોકાણોનો સમાવેશ થાય છે.આ રોકાણો માહિતી ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિ, માહિતી અને સંદેશાવ્યવહાર, ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ, ડેટા સેન્ટર્સ અને પરિવહન સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રો સાથે સંબંધિત છે.

# SOWCAR JANAKI PASSES AWAY

સુપ્રસિદ્ધ અભિનેત્રી સોવકર જાનકીનું 94 વર્ષે ચેન્નાઈમાં અવસાન થયું. તેમને પદ્મશ્રી , ફિલ્મફેર લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો. તેમણે દક્ષિણ ભારતીય ફિલ્મોમાં લગભગ 400 ફિલ્મોમાં કામ કર્યું હતું

# ODIA SINGER PASSES AWAY

ભુવનેશ્વરમાં આજે સુપ્રસિદ્ધ ઓડિયા ગાયક પ્રણવ પટનાયક નું ૮૮ વર્ષની વયે અવસાન થયું.તેમણે પાંચ દાયકાથી વધુની કારકિર્દીમાં, ૨૦૦ થી વધુ ફિલ્મોમાં ગાયું અને અનેક પ્રખ્યાત રાષ્ટ્રીય સ્તરના ગાયકો સાથે સહયોગ કર્યો. હતો

# ITR- COLLECTION

આવકવેરા વિભાગે જણાવ્યું છે કે આકારણી વર્ષ 2026-27 માટે 6.5 કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે. તેમાં ગઈકાલ સુધીમાં 2 કરોડથી વધુ ITR 3 અને 4નો સમાવેશ થાય છે. વિભાગે કરદાતાઓને છેલ્લી ઘડીની ઉતાવળ ટાળવા વિનંતી કરી છે કારણ કે ITR-3, 4, 5 અને 7 ફાઇલ કરવાની છેલ્લી તારીખ આ મહિનાની 31 તારીખ પહેલા છે.

# EVE. BWF WC- DAY 5

બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં, ભારતની ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે મહિલા ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે તેમણે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં ચોથા ક્રમાંકિત ચીનની જિયા યી ફેન અને ઝાંગ શુ ઝિયાનને 16-21, 21-15, 21-13 થી હરાવ્યા શનિવારે સેમિફાઇનલમાં ટ્રીસા-ગાયત્રી ટોચના ક્રમાંકિત લિયુ શેંગ શુ અને ટેન નિંગ સામે રમશે

# DAY HOCKEY- WORLD CUP

ભારતીય મહિલા ટીમ આજે નેધરલેન્ડ્સના એમસ્ટેલવીનમાં FIH હોકી વિશ્વ કપના બીજા પૂલ તબક્કાના પ્રથમ મેચમાં યજમાન નેધરલેન્ડ્સ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 9:30 વાગ્યે શરૂ થશે.